GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં-વા.પરીક્ષા/૨૦૨૦-૨૧/ ४८९ તા.૨૩ /૦૪/૨૦૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
પ્રાથમિક શાળા તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય – ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા બાબત.

સંદર્ભ – (૧) માન. નિયામકશ્રી જીસીઇઆરટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીસીઇઆરટી /અભ્યાસક્રમ /૨૦૨૦-૨૧/ ૯૮૮૦-૯૯૯૯ તા. ૨૨/૦૪/૨૦૨૧

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ વા. પરીક્ષા/૨૦૨૦-૨૧/૪૮૧ તા. ૨૦/૪/૨૦૨૧

(૩) માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/ મા.પ્ર./૨૦૨૧/૩૦૪૨-૩૧૨૮ તા.૧૬/૦૪/૨૦૨૧

જત ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કોવીડ-૧૯ ને લીધે, પ્રત્યક્ષ શિક્ષણ અને પધ્ધતિસરનું ઔપચારિક મૂલ્યાંકન બહુ અલ્પ પ્રમાણમાં થયું છે. આ બાબતને ધ્યાને લઇને રાજ્ય સરકારશ્રી દ્વારા સંદર્ભ પત્ર-૩ મુજબ વિદ્યાર્થીઓના માસ પ્રમોશનનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ ઘરે રહીને શીખી શકે એ માટે Home Learning અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા અને શિક્ષકો દ્વારા પણ શિક્ષણ કાર્ય તેમજ અનૌપચારિક મૂલ્યાંકન કાર્ય થયું છે. આ બાબતોને ધ્યાનમાં લઇને સરકારશ્રીના સંદર્ભ પત્ર-૧ અન્વયે વિદ્યાર્થીઓના પરિણામ પત્રક અંગે નીચેની સૂચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

1. ધોરણ ૧ અને ૨ માં વિદ્યાર્થીઓના પરિણામ પત્રક (D2 અને D4) માં વિદ્યાર્થીઓના નામ સામે " વર્ગ બઢતી" એમ દર્શાવવું અન્ય વિગતો દર્શાવવાની જરૂર નથી.

2. ધોરણ ૩ થી ધો. ૮ માં મુખ્યત્વે શિક્ષક દ્વારા થતા રચનાત્મક મૂલ્યાંકન આધારિત પરિણામ પત્રક તૈયાર કરવાનું છે. આ માટે Home Learning અંતર્ગત શિક્ષક દ્વારા થયેલ અનૌપચારિક મૂલ્યાંકન તેમજ વર્ષ દરમિયાન યોજાયેલ સામયિક કસોટીઓ વગેરેનો આધાર લેવો. ધોરણ- ૩ થી ધોરણ-૮ માં સત્રવાર રચનાત્મક મૂલ્યાંકન પત્રક A માં વિગતો દર્શાવવી જેથી દરેક વિદ્યાર્થીનું ૪૦+૪૦ એમ ૮૦ ગુણનું મુલ્યાંકન થશે. આ ઉપરાંત, વર્ષ દરમિયાન Home Learning અંતર્ગત વિદ્યાર્થીની સહભાગિતાને ધ્યાનમાં લઇને વર્ષાન્તે ૨૦ ગુણ પૈકી ગુણાંકન કરવુ. આમ દરેક વિદ્યાર્થીનું ૧૦૦ ગુણનું ગુણાંકન થશે.
3. ધોરણ ૩ થી ૮ માં પત્રક B ભરવાની જરૂર નથી.
4. પત્રક C માં પ્રથમ સત્રમાં રચનાત્મક મૂલ્યાંકનના ૪૦ ગુણ. દ્વિતીય સત્રમાં રચનાત્મક મૂલ્યાંકના ૪૦ ગુણ અને વિદ્યાર્થીઓની સહભાગિતાના ૨૦ ગુણ સ્વ મૂલ્યાંકનના ખાનામાં દર્શાવવા.
5. ધોરણ ૪ માં હિન્દી અને અંગ્રેજી વિષયમાં માત્ર દ્વિતીય સત્રમાં રચનાત્મક મૂલ્યાંકનના ૪૦ ગુણ અને વિદ્યાર્થીઓની સહભાગિતાના ૨૦ ગુણ મળી વિષય દીઠ ૬૦ ગુણમાંથી ગુણાંકન કરવાનું રહેશે.
6. વર્ષના અંતે વિદ્યાર્થીને આપવામાં આવતા પ્રગતિ પત્રકમાં નીચે મુજબનો ગુણભાર ધ્યાને લેવાનો રહેશે.

| ધોરણ/વિષય | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ | ધોરણ-૬ | ધોરણ-૭ | ધોરણ-૮ |
|---|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ગણિત | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| પર્યાવરણ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | | | |
| હિન્દી | | ૬૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| અંગ્રેજી | | ૬૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| સામાજિક વિજ્ઞાન | | | | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| સંસ્કૃત | | | | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| વિજ્ઞાન | | | | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| એકંદરે કુલ ગુણ | ૩૦૦ | ૪૨૦ | ૫૦૦ | ૭૦૦ | ૭૦૦ | ૭૦૦ |

7. ધોરણ- ૩ થી ૭ ના પ્રગતિપત્રકમાં ગ્રેડ દર્શાવવાના રહેશે. ધોરણ ૮ ના પ્રગતિપત્રકમાં ગુણ અને ગ્રેડ બંને દર્શાવવાના રહેશે.
8. જો ધોરણ-૩ થી ધોરણ-૮ ના કોઇ વિદ્યાર્થી શિક્ષણ પ્રક્રિયા કે મૂલ્યાંકનમાં ન જોડાયા હોય તો તે વિદ્યાર્થીની માર્કશીટમાં "વર્ગ બઢતી" એમ દર્શાવવું. તેમાં ગુણાંકન કરવાની જરૂરિયાત નથી.
9. વિદ્યાર્થીઓના " સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિ પત્રક E" માં આ વર્ષ પૂરતું જે તે ધોરણવિષય શિક્ષકે માત્ર શૈક્ષણિક બાબતો દર્શાવવી. વિદ્યાર્થીઓની હાજરી અને શારીરિક વિકાસ વગેરે બાબતો દશાવવાની જરૂરિયાત નથી.
10. સંદર્ભ દર્શિત પરિપત્ર -૩ મુજબ ધોરણ-૬ અને ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને પણ, તેમના પરિણામને ધ્યાને લીધા વગર વર્ગ બઢતી આપવાની રહેશે.

સદર પરિપત્ર શાળાના તમામ શિક્ષકશ્રીઓને વંચાવી તેમની સહી મેળવી પરિપત્ર શાળા દફ્તરે રાખવો.

શાસનાધિકારી
નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

<u>નકલ સવિનય રવાના:- પ્રતિ,</u>

૧. માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, તરફ જાણ સારૂ.
૨. માન. અધ્યક્ષશ્રી ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના:- પ્રતિ</u>

૧. નિરીક્ષકશ્રી તમામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.
૨. યૂ.આર.સી.શ્રી અને સી.આર.સી.શ્રી તમામ સમગ્ર શિક્ષા અભિયાન મિશન તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.